# મારા સપનાનું ભારત નિબંધ

હા... પાંચ મિનિટ માટે પણ આંખ બંધ કરી ને વિચારું તો બંધ આંખોમાં પણ મને જાણે કોઈ અલગ જ અનુભૂતિ થાય છે. આમ જુઓ તો મારા સપનામાં જે ભારતની હું કલ્પના કરું છું, ઘણેખરે અંશે કદાચ એ મારી પોતાની મારી જાત જ્યારે પણ રૂંધાય છે ત્યારે મને મારા આ સમગ્ર ભારતની પરિસ્થિતિના બદલાવની ઈચ્છા થઇ આવે છે. આ અતિશયોક્તિ હોય તો ભલે.. પણ, હું મારું ખરુ આઝાદ ભારત જોવા માગું છું

દેશની આઝાદી માત્ર કોઈના શાસન ને આધીન નથી. દેશની ખરી આઝાદી તો આ માનસિક સંકુચિતતાના નિકાલમાં છે. અહીં ઘણા બધા ધર્મો છે. બિનસાંપ્રદાયિક દેશ ખરેખર એટલો બધો જડ છે કે અહીં લોકોને પોતાના ધર્મનું જ પુરતું જ્ઞાન નથી, પરંતુ એ જ પાછા બીજાના ધર્મની હુંસાતુંસીમાં જબરા છે. આનો નિકાલ એ જ મારા સપનાનું ભારત છે. અહીં તો મજના નિયમો પણ આર્થીક સ્થિતિ પ્રમાણેના છે. જેમ કે હલકું લોહી હવાલદારનું એ જ ધારાધોરણ છે. લોકોનો ન્યાય ઉપરથી ઉઠી જતો વિશ્વાસ પીડાદાયક છે. સમાન ન્યાય અને એક જ કાયદો, આ જ છે મારા સપનાનું ભારત..!

મારા સપનાનું ભારત કુરિવાજોને મુક્ત હશે. ત્યાં ક્યારેય કોઈ બાળકીને દૂધ પિતી નહીં કરવામાં આવે, કે ક્યારેય કોઈ બાળ વિવાહને પ્રાધાન્ય નહીં આપવામાં આવે. મારા ભારતમાં ક્યારેય ત્રણ તલાક બોલવા પર કોઈ સ્ત્રીનો હક નહીં છીનવાય. મારા સપનાના ભારતમાં ક્યારેય બળાત્કાર માટે ખાલી સ્ત્રીને જ જવાબદાર ગણવામાં નહી આવે. મારા

સપનાના ભારતમાં “સ્ત્રી સશક્તિકરણ” એ એક મજબૂત વિચાર હશે જેના પર ચોક્કસ અમલ કરવામાં આવશે.

મારા સપનાના ભારતમાં રાજકીય લે-ભાગુઓને કોઈ સ્થાન નહીં હોય. જે રાષ્ટ્ર માટે અને રાષ્ટ્રના હિત માટે વિચારશે તેના જ હાથમાં સત્તા સોંપવામાં આવશે. તેના માટે રાષ્ટ્રનો વિકાસ અને પ્રજાની સુખાકારી એ જ મુખ્ય મુદ્દો હશે. ભારતની ધરોહર અને તેની સંસ્કૃતિનું જતન તેના માટે સર્વોપરી હશે. મારા સપનાનાં ભારતમાં પ્રજાએ ક્યારેય સત્તામાં બેઠેલી વ્યક્તિ પાસે આજીજી નહીં કરવી પડે. દરેકને પોતાનો હક મળશે, તેમજ હકનું પણ મળશે.

મારા સપનાનાં ભારતમાં ક્યારેય હિન્દુ મુસ્લિમ કે શીખોના નામ પર કોમી રમખાણો નહીં થાય. ક્યારેય ભારતને ધર્મના નામે જુદા કરવાનું કે તેના ભાગલા કરવામાં નહીં આવે. મારા સપનાનાં ભારતમાં દરેક ધર્મનો વ્યક્તિ પોતાની ઈચ્છા મુજબ ધર્મ પાળી શકશે, પરંતુ તેની સાથે સાથે તેણે બીજાના ધર્મની મર્યાદા પણ જાળવવી પડશે. પોતાનો ધર્મ જ ચડિયાતો છે, ને બીજાનો ઉતરતો, તે વાત ક્યારેય નહીં હોય. દરેક વ્યક્તિ બીજાના ધર્મનું પણ તેટલું જ સન્માન કરશે, જેટલું પોતાના ધર્મનું કરે છે. આવું કરવામાં આવશે તો જ ભારત ખરા અર્થમાં “બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર” સાબિત થઈ શકશે.

આવનારા વર્ષમાં ભારત નૈતિક મૂલ્યોની દૃષ્ટિએ તેમજ માર્ગદર્શનની દૃષ્ટિએ સર્વોચ્ચ સ્થાન પર હશે. જ્યારે જ્યારે પણ વિશ્વ પર મુશ્કેલીઓ આવી છે, ત્યારે ત્યારે ભારતે વિશ્વનું માર્ગદર્શન કર્યું છે, અને આગળ પણ કરતું રહેશે. વિશ્વના તત્વચિંતક જ્યારે પણ મૂંઝાયા છે, ત્યારે ભારતના મહાપુરુષોએ માર્ગદર્શન કર્યું છે, અને તે પ્રથા વર્ષોથી ચાલતી આવી છે, અને આવનારા ૧૦૦૦ વર્ષો સુધી ચાલશે.

મારા સપનાનાં ભારતમાં યુવાનને હંમેશા પ્રાધાન્ય આપવામાં આવશે, પછી એ રાષ્ટ્ર ચલાવવાની વાત જ કેમ ના હોય. ઉંમરલાયકનો અનુભવ અને યુવાનનું જોશ, બંને સાથે મળી અને એકબીજા સાથે તાલમેલ સાધી કામ કરે, એવું વાતાવરણ દરેક સરકારી ક્ષેત્રમાં ઉભું કરવામાં આવશે. મારા સપનાનાં ભારતમાં યુવાનોને સાચી દિશામાં વાળી અને તેમનો સર્વાંગી વિકાસ થાય તે માટેના પ્રયત્નો કરવામાં આવશે. યુવાનોને પૂરતું શિક્ષણ મળી

રહે અને ત્યારબાદ તેને અનુરૂપ નોકરી ધંધો કે વેપાર મળી રહે અને રોજગારીની નવી તકો ઉભી થાય એવા પ્રયત્નો કરવામાં આવશે.

કુપોષણ અને ગરીબી જેવા સળગતા પ્રશ્નોને દૂર કરવા માટે સરકારની વિવિધ યોજનાઓને અમલમાં મૂકવામાં આવશે, અને તેનું ચુસ્તપણે પાલન થાય તેમજ છેવાડાના વ્યક્તિ સુધી આ યોજનાઓનો લાભ પહોંચે તે માટે સઘન પ્રયત્નો કરવામાં આવશે. કહેવાય છે ને કે "આજનું બાળક એ આવતી કાલનું ભવિષ્ય છે", એટલે જ ભારતમાં એક પણ બાળક કુપોષિત ન રહી જાય તે અગ્રીમ સ્તરે જોવામાં આવશે.

આ ઉપરાંત વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં પણ હરણફાળ ભરવામાં આવશે. ભારતની આંતરિક સુરક્ષા તેમજ બાહ્ય જોખમોનો તાગ મેળવી તેના પર પણ કામ કરવામાં આવશે. આપણાં સીમા પર ફરજ બજાવતા સૈનિકોને શક્ય તેટલી મદદ તેમજ તેમની સુરક્ષાનું પણ ધ્યાન રાખવામાં આવશે, અને કદાચ દુર્ભાગ્યપૂર્ણ વશ તેમને કંઈ થઈ જાય, તો આખી જિંદગી તેમના પરિવારનું ભરણ પોષણ થઈ રહે તેવી વ્યવસ્થા પણ સરકાર દ્વારા કરવામાં આવશે.

આમ જો દરેક વ્યક્તિ પોતાના/મારા સપનાનું ભારત વિચારશે અને તે દિશામાં પોતાનું યોગદાન આપશે, તો એ સમય દૂર નથી કે આપણે ફરીથી "વિશ્વગુરુ" બની જઈશું અને અમેરિકા અને રશિયા જેવી મહાસત્તાઓને પણ માર્ગદર્શન આપીશું. એકંદરે જોવા જઈએ તો દરેકની આંખમાં એક સ્વચ્છ અને સમૃદ્ધ ભારતનું સ્વપ્ન હોવું જોઈએ અને દરેકના હ્રદયમાં "મારા સપનાનું ભારત"...... જય હિંદ, જય ભારત......

**By : www.PDFSeva.com**